**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

# આ વર્ષે લાઈટ વેઈટ ચણીયાચોળીની ડિમાન્ડ

## આ વર્ષે પેપ્લમ બ્લાઉઝ ઉપરાંત બોલિવુડ સ્ટાઈલ, બ્લોક પ્રિન્ટ, ઈકત પ્રિન્ટ, ગજ્જી સિલ્ક સાથે બેલ સ્લીવના બ્લાઉઝ ટ્રેન્ડમાં

ગાંધીનગર, તા.૧૨

નવરાત્રિ નજીકના દિવસોમાં આવનાર છે. શહેરીજનો નવરાત્રિની તડામાર તૈયારીઓમાં લાગી ગયા છે. વિવિધ જગ્યાએ ગરબા પ્રેકટીસ સાથે નવા નવા ટ્રેડિશનલ ડ્રેસ વિશે ચર્ચા થઈ રહી છે. પ્રાઈઝ માટે રમતા ખેલૈયાઓ માટે સંપૂર્ણ ભરત ભરેલા ચણિયાચોળી અને કેડીયા સાથે ગરબાને ફકત માણવા માટે પહેરતા ન્યૂ ટ્રેન્ડ ચણિયાચોળી આ વર્ષે શહેરમાં વેચાણમાં છે. વિવિધ ડિઝાઈનરો દ્વારા નિયોન કલર, બ્લોક પ્રિન્ટસ, ઈકત પ્રિન્ટ, બાટીક જેવી વિવિધ ડિઝાઈનના ચણિયાચોળી તૈયાર કરવામાં આવી રહ્યા છે. પેપ્લમ બ્લાઉઝ અને બેલ સ્લિવ આ વર્ષે ટ્રેન્ડમાં છે. સિફોન, જોર્જેટ દુપટ્ટા હજુ ટ્રેન્ડમાં જળવાઈ રહ્યા છે.

**આવ્યા નોરતા રે...**




નવરાત્રિ નિમિત્તની તૈયારીઓ શહેરમાં જોર શોરથી ચાલી રહી છે. એમાંય ખેલૈયાઓ પોતાના ટ્રેડિશનલ પહેરવેશની બાબતે સજાગ રહે છે. દર વર્ષે કાંઈક નવું પહેરીને અલગ તરી આવવાવું દરેકને ગમે છે. શહેરીજનોની ડિમાન્ડ અને ન્યુ ટ્રેન્ડ મુજબ ચણિયાચોળી અને ટ્રેડિશનલ કલોથ ડિઝાઈન કરતા શહેરના ફેશન ડિઝાઈનર પ્રાચી મહેતાના જણાવ્યા મુજબ હું છેલ્લા ચાર વર્ષથી શહેરીજનોની પસંદને ધ્યાનમાં રાખી નવા ટ્રેન્ડમાં ઢાળી ટ્રેડીશનલ ડ્રેસ ડિઝાઈન કરું છું. પહેલા ફકત કોટન પર આભલા અને કોડીનો ઉપયોગ કરી સાદુ ગામઠી ભરત ભરી અમુક જ કલામાં ચણિયાચોળી બનાવાતા પણ હવે બોલિવુડ ફેશન મુજબ બે લેયર્સવાળા ચણિયાચોળીની ડિમાન્ડ વધુ છે. આ ઉપરાંત નિયોન કલર્સ સાથે બ્લોક પ્રિન્ટ, પેચવર્ક, બાટીક, ઈકત પ્રિન્ટ, ગજ્જી સિલ્કમાં ગામઠી વર્ક, રો-સિલ્ક ટ્રેન્ડમાં છે.

બ્લાઉઝમાં હાલ પેપ્લમ બ્લાઉઝ, બેલ સ્લિવમાં પટોળા પ્રિન્ટ, થ્રી ફોર્થ સિલ્વના બ્લાઉઝ સાથે ગજ્જી સિલ્કમાં પ્રિન્ટેડ અને બ્રોકેટના બ્લાઉઝ ડિમાન્ડમાં છે.





વરસાદી માહોલના પગલે ચોતરફ અનેક પ્રકારની વનસપ્તિ અને ઘાસ વેલાં વગેરે ઉગી નીકળ્યા છે. બગીચાઓનું શહેર કહેવાતા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સંકુલમાં વિકસાવાયેલ બગીચામાં પણ કુદરતી રીતે ઉગી નિકળેલી વનસ્પતિના કારણે બગીચાનું સૌંદર્ય ઝંખવાય નહી તે હેતુથી કર્મચારીઓ દ્વારા આવી બિનજરૂરી અને બિનઉપયોગી વનસ્પતિનું કટિંગ કરી દવા છંટકાવ કરવામાં આવી હતી.



શહેરના માર્ગો પર અંબાજીના પદયાત્રીઓનો પ્રવાહ માંડ શમ્યો છે ત્યાં અમદાવાદથી કુકરવાડા ખાતે ચાલતા માતાજીના દર્શનાર્થે જતા પદયાત્રીઓને નિહાળી નગરજનો અચંબિત થયા હતા. કુકરવાડા ખાતેના અંબાજી માતાને કુળદેવી માનતા આ શ્રદ્ધાળુ માઈભક્તો માતાજીના રથ સાથે ડીજેના તાલે ભક્તિ સંગીત વગાડતા આનંદપૂર્વક જુસ્સાથી ચાલતા હતા.

# ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર દ્વારા જ્ઞાનરથનું લોકાર્પણ

## દર રવિવારે સંસ્થાના સભ્યો ૧૦ થી ૧૨ દરમિયાન ઝુંપડપટ્ટીના બાળકો-વડિલોને ભણાવશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ખાતે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થા દ્વારા તાજેતરમાં 'સ્કૂલન ઓન વ્હિલ્સ' એટલે કે 'જ્ઞાનરથ'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. સંસ્થાના ચીફ મેટ્રન હિતેશભાઈ પંડયાના જન્મદિન ૮મી સપ્ટેમ્બરને અનુલક્ષીને તમામ સભ્યો દ્વારા આ અનોખી ભેટસ્વરૂપે આ 'જ્ઞાનરથ'નું લોકાર્પણ કરાયું છે જે શહેરના વિવિધ વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારના બાળકો તથા વડિલોને અક્ષરજ્ઞાન પુરું પાડવામાં આવશે.આ જ્ઞાનરથ સાથે દર રવિવારે ૧૦ થી ૧૨ દરમિયાન સંસ્થાના સભ્યો અક્ષરજ્ઞાનની સેવા આપશે.

આપણી ભારતીય પ્રાચીન સંસ્કૃતિથી જ્ઞાનના દાનને શ્રેષ્ઠ દાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને એટલે જ આપણે જ્ઞાનનું દાન અપનાર ગુરુને પૂજય ગણીએ છીએ. આવી ઉત્તમ ભેટ ઈન્ડિયન લાયન્સ સંસ્થા સ્વર્ણિમ ગાંધીનગર એકમના સભ્યોએ મળીને સંસ્થાના ચીફ પેટ્રન હિતેશભાઈ પંડયાના જન્મદિને આપવાના નિર્ધાર સાથે જ્ઞાનરથનું લોકાર્પણ કર્યું છે. 'જ્ઞાનરથ'ના લોકાર્પણ સાથે જ શહેરની ઝુંપડપટ્ટી વિસ્તારમાં વસતા શ્રમજીવી પરિવારોના જરૂરિયાતમંદ વર્ગના અભણ બાળકો તથા વડિલોને ભણાવવાનો નિર્ધાર કરાયો છે. આ નિર્ધાર અંતર્ગત તે જ દિવસે સે-૧૩ની ઝુંપડપટ્ટીના જરૂરિયાતમંદ વર્ગના ૬૮ બાળકોને ચોપડા, પેન-પેન્સિલ, સ્લેટ વગેરેનુ વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ફુડ પેકેટસ પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ રાધેશ્યામભઈ યાદવ, ઉપપ્રમુખ કીન્નરભાઈ શાહ, કો ઓર્ડિનેટર ઉદયભાઈ પામ્ભર, નેશનલ વાઈસ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રશ્મીતાબેન ગોન્ડલીયા સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# સે-૩૦ તનમન ગોડાઉન પાસેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે આવેલા તનમન કેટરર્સ ગોડાઉન નજીકથી એકટીવાની ઉઠાંતરીની ફરીયાદ સામે આવી છે. સેકટર-૬ ખાતે વસવાટ કરતા હાર્દિક પ્રદિપભાઈ સુખડીયાએ સેકટર-૨૧ માં નોંધાવેલી ફરીયાદ અંતર્ગત ગત તા.૫ સપ્ટેમ્બરના રોજ પોતાનું જી.જે.૧૮.ડી.ઈ.-૭૦૦૫ નંબરનું એકટીવા ગોડાઉનની અંદર પાર્કીંગમાં મુકીને ઘરે ગયા હતા. બીજા દિવસે તેઓ પરત ફર્યા ત્યારે એકટીવા ગાયબ હતું. ગોડાઉનમાં કામ કરતા કારીગરોને આ અંગે પુછપરછ કરતા કોઈ માહિતી મળી ન હતી. થોડા દિવસ એકટીવાની શોધખોળ કરવા છતા એકટીવા નહીં મળતા આ અંગે તેઓએ પોલીસ કેસ કર્યો હતો. ફરીયાદીએ ૬ માસ પહેલા જ એકટીવાની ખરીદી કરી હતી. પોલીસે રૂ.૪૦ હજારના એકટીવાની ચોરી અંગે ગુનો દાખલ કરીને શોધખોળ શરુ કરી છે.



વરસાદી માહોલના પગલે ચોતરફ અનેક પ્રકારની વનસપ્તિ અને ઘાસ વેલાં વગેરે ઉગી નીકળ્યા છે. બગીચાઓનું શહેર કહેવાતા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સંકુલમાં વિકસાવાયેલ બગીચામાં પણ કુદરતી રીતે ઉગી નિકળેલી વનસ્પતિના કારણે બગીચાનું સૌંદર્ય ઝંખવાય નહી તે હેતુથી કર્મચારીઓ દ્વારા આવી બિનજરૂરી અને બિનઉપયોગી વનસ્પતિનું કટિંગ કરવામાં આવ્યું હતું.

**મુવી હાઉસ**

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

- ડ્રીમગર્લ
૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
- સેકશન ૩૭૫
૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
- બાદશાહ પહેલવાન
૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
- હંગામા હાઉસ (ગુજરાતી)
૫.૧૫
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૧૧.૩૫
- છીછોરે
૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
- સાહો
૧૨.૨૦, ૩.૫૫
- મિશન મંગલ
૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

- ડ્રીમગર્લ
૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
- સેકશન ૩૭૫
૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
- બાદશાહ પહેલવાન
૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૬.૫૦
- છીછોરે
૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
- સાહો
૧૨.૨૫, ૭.૦૫
- મિશન મંગલ
૨.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

- સેકશન ૩૭૫
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
- સાહો
૧૨.૫૫
- બાદશાહ પહેલવાન
૧.૧૦, ૭.૧૦
- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦


**સિટી પલ્સ કુડાસણ**

- ડ્રીમગર્લ
૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
- છીછોરે
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
- સેકશન ૩૭૫
૧૦.૦૦, ૧૨.૪૫
- સાહો
૩.૦૦, ૯.૩૦
- પહેલવાન
૬.૩૦
- ચાલ જીવી લઈએ
૧૧.૪૫
- ચાસની (ગુજરાતી)
૨.૧૫
- મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૫.૦૦
- મિશન મંગલ
૭.૩૦

# બિન અનામત વર્ગો માટેની સરકારી યોજનાઓની વિગતો આપતી વેબસાઈટ લોન્ચ કરાઈ

## બિન અનામત વર્ગોના આયોગ દ્વારા વેબસાઈટ બનાવાઈ જેમાં બિન અનામત વર્ગોની જાતિની યાદી અને ઈડબલ્યુએસ સર્ટિફિકેટ અંગે પણ માહિતી ઉપલબ્ધ : વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અંગેની માહિતી અંગે હજુ અવઢવ





ગાંધીનગર, તા.૧૨

આજે કર્મયોગી ભવન ખાતે ગુજરાત રાજય બિન અનામત વર્ગોના આયોગ દ્વારા સમાજના જે વર્ગોને અનામતનો લાભ નથી મળતો તેવા વર્ગો માટે સરકારના વિવિધ વિભાગો, બોર્ડ કે નિગમો દ્વારા આપવામાં આવતી યોજનાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશના ઈડબલ્યુએસ માટે જરૂરી દસ્તાવેજોને લગતી માહિતી સહિતની આનુષંગિક વિગતો દર્શાવતી વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજય બિન અનામત વર્ગોના આયોગના અધ્યક્ષ હંસરાજભાઈ ગજેરા, નાયબ અધ્યક્ષ રશ્મિભાઈ પંડયા, અગ્ર સચિવ મનોજ અગ્રેવાલ, સભ્ય સચિવ ડૉ. દિનેશ કાપડિઆ, કારોબારી સભ્ય નરેન્દ્રભાઈ શાહ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં તા. ૫મી ઓકટોબરે બિન અનામત વર્ગોના નાગરિકોની પીડાઓ તથા સમસ્યાઓના નિરાકરણ માટે 'ગુજરાત રાજય બિન અનામત વર્ગોના આયોગ'ની રચના કરવામાં આવી હતી. આયોગની ભલામણોના અનુસંધાને બિન અનામત વર્ગના નાગરિકો માટે રાજય સરકાર દ્વારા વિવિધ ૯ યોજનાઓ દાખલ કરવામાં આવી છે તેમજ વખતો વખત બિન અનામત વર્ગોની જાતિની યાદીમાં પણ સુધારા કરવામાં આવ્યા છે. બિન અનામત વર્ગોના આયોગ દ્વારા ઈડબલ્યુએસ પ્રમાણપત્ર મેળવવા જરુરી દસ્તાવેજો મેળવવામાં નાગરિકોને પડતી તકલીફો અંગે પણ નોંધ લઈ યોજનાએ અંગેની માહિતી, જાતિની યાદી ઉપરાંત ઈડબલ્યુએસ પ્રમાણપત્ર માટેના દસ્તાવેજોની માહિતી વેબસાઈટ પર અપલોડ કરી છે. જો કે બિન અનામત વર્ગોના આર્થિક રીતે પછાત પરિવારોના બાળકોને સરકારના વિવિધ વિભાગો, બોર્ડ કે નિગમ દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિ અંગેની માહિતી હજુ વેબસાઈટ પર મુકવામાં આવી નથી જે એકાદ મહિનામાં અપલોડ કરી દેવાશે તેવું અધ્યક્ષે પત્રકારોના સવાલના જવાબ આપતા જણાવ્યું હતું. જો કે વેબસાઈટ પર એજયુકેશન સ્કીમ, ફોરેન એજયુકેશન સ્કીમ, ટયુશન હેલ્પ સ્કીમ, જેઈઈ, ગુજસેટ અને નીટ કોચીંગ હેલ્પ સ્કીમ, કોમ્પીટીટીવ એકઝામ્સ ટ્રેનિંગ સ્કીમ, ઈન્ટરેસ્ટ હેલ્પ સ્કીમ, સેલ્ફ એમ્પ્લોયમેન્ટ સ્કીમ અને લોન પ્લાન ફોર ટ્રેનિંગ ઓફ કોમર્શિયલ પાયલોટ વગેરેના વિકલ્પો ઉપલબ્ધ છે. આ વેબસાઈટનું નામ **www.gscuc.gujarat.gov.in** રાખવામાં આવ્યું છે.

# ખેલમહાકુંભ જિલ્લા કક્ષાની બેડમિન્ટન સ્પર્ધા ગાંધીનગર સે-૨૧ ખાતે યોજાઈ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં મહાનગરપાલિકા અને ગ્રામ્યની જિલ્લા કક્ષાની બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન સચિવાલય જીમખાના, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકા કક્ષા અને ગ્રામ્ય કક્ષાની સ્પર્ધામાં અંડર-૧૪, અંડર-૧૭, ઓપન વયગૃપ, ૪૦ વર્ષ ઉપર અને ૬૦ વર્ષ ઉપરના વયગૃપના ભાઈ-બહેન ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

જિલ્લા કક્ષાની અન્ય સ્પર્ધાઓ તા. ૬ થી ૨૨ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી જુદા જુદા સ્થળે યોજાઈ રહી છે. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ ખેલમહાકુંભની વેબસાઈટ **www.khelmahakumbh.org** સ્પર્ધા શીડયુલ ઉપરથી મળી રહેશે. તેમજ વિવિધ જિલ્લા કક્ષાએ વિજેતા ખેલાડીઓ/ટીમે પોતાના રોકડ પુરસ્કાર/ઈનામના ફોર્મ તથા બેંકની માહિતી આપવાની બાકી હોય તો સત્વરે જે તે રમત સ્પર્ધાના કન્વીનરશ્રીને મોકલવાની રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરનો ફોન નંબર- ૦૭૯- ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવાનો રહેશે, તેવું જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.



સેકટર ૫ એ ખાતે આવેલ પંચમુખી મહાદેવના મંદિરે આજરોજ નીરૂબેન નાયક દ્વારા ગણેશ યાગ તેમજ ૧૦૦૮ લાડુનો પ્રસાદ ધરી પૂજન-અર્ચન અને ગણપતિની આરતી કરવામાં આવી હતી. જેનો સેકટર-૫ ની ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં હાજરી આપી લાભ લીધો હતો. આ ઉપરાંત આજે ભક્તિભાવપૂર્વક ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નીરૂબેન નાયક તથા મોટી સંખ્યામાં બહેનો અને મંદિર કમિટીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# વિશ્વ આદિવાસી અધિકારી દિવસ ઉજવાશે

યુએનઓ દ્વારા ઘોષિત વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી નિમિત્તે તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે વિશ્વ પર્યાવરણની જાળવણી અભિયાન અને આદિવાસી સંસ્કૃતિ ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત સવારના ૧૧.૩૦ કલાકે બિરસા મુંડા ભવન સે-૧૦-એ, છ-૩ સર્કલ ખાતે એકત્રિત થઈ ગૌરવ યાત્રાના રૂપમાં પ્રસ્થાન કરી સેકટર-૧૧, 'રામકથા મેદાન' ખાતે સભામાં ફેરવાશે જેમાં સમાજના અગ્રણીઓ દ્વારા આદિવાસી સંસ્કૃતિ અને વિશ્વ પર્યાવરણના જતનને લગતા વ્યકતવ્ય અને વિવિધ આદિવાસી સમુદાયની સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવશે. જેને અનુલક્ષી વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી સમિતિ, ગુ.રા. ગાંધીનગર દ્વારા સમગ્ર આદિવાસી સમાજના સર્વે ભાઈઓ બહેનોને મોટી સંખ્યમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.